## કામરેજ પો.સ્ટે.માં નોંધાયેલ મર્ડરના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર એસ.ઓ.જી.

સુરત શહેર એસ.ઓ.જી.ના પો.સ.ઈ.શ્રી એસ.એસ.દેસાઈ,નાઓ પોતાની ટીમના માણસો સાથે સુરત શહેરમાં બનેલ ગંભીર ગુનાના ડીટેકશન અનુસંધાને પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન PC અશોકભાઈ લાભુભાઈ તથા PC અલ્કેશ રમણભાઈ નાઓને સંયુકત રીતે મળેલ બાતમીને આધારે “સુરત રૂરલના કામરેજ પોલીસ સ્ટેશનમાં સને ૨૦૧૮માં નોંધાયેલ દિપક ઉર્ફે ભાવેશ રણછોડભાઈ દેસાઈ નામના યુવકની હત્યાના ગુન્હામાં સંડોવાયેલ આરોપી લલ્લુભાઈ મોહનભાઈ ગાંગાણી રહે.૧, વિશાલનગર સોસાયટી સરથાણા જકાતનાકા, સુરતવાળાને સરથાણા શ્યામધામ મંદિર પાછળ, પાણીની ટાંકી પાસેથી ઉપરોકત ટીમના અધિકારી/માણસોએ વોચ ગોઠવી આરોપીને પકડી પાડી, મજકુર આરોપીની પુછ-પરછ કરતા સને-૨૦૧૮ માં તેમના નોકર જગદીશ ઉર્ફે ટોપી ગોરધનભાઈ ઘોરી તથા તેનો મિત્ર ભવાનભાઈ ઉર્ફે ભલો વાલજીભાઈ કોળી નાઓનો દિપક ઉર્ફે ભાવેશ રણછોડભાઈ દેસાઈ નામના યુવક સાથે પોપડાની જમીન બાબતે ઝઘડો થતા આ બન્નેએ દિપક ઉર્ફે ભાવેશનું કામરેજ ખાતે ખુન કરી નાંખેલ અને આ ગુન્હામાં તેનુ પણ નામ આવેલ હોય જેથી તે પોલીસથી બચવા નાસતો ફરતો હોવાનું જણાવતા મજકુર આરોપી કામરેજ પોલીસ સ્ટેશનમાં । ગુ.ર.નં. ૨૩૯/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૦૨,૨૦૧,૧૨૦(બી),૧૧૪ મુજબના ગુનામાં નાસતા ફરતો સદર આરોપીને પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.